SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 19. ઉત્તર ગુજરાતની ભવાઈ કલા

ડૉ. હેતલબહેન મુકેશભાઈ ચૌધરી

નાટકના પ્રારંભ માટે અનેક કથાનકો પ્રચલિત છે. એ મુજબ બ્રહ્માએ નાટકને પાંચમાં વેદ તરીકે ઓળખાવ્યો છે. 'નાટ્યશાસ્ત્ર' ભરતમુની નામના મહાન ઋષિની વિખ્યાત કૃતિ તરીકે ઓળખાય છે. જે આપણને નાટક સુધી લઈ જય છે. તેની સાથે લોકનાટ્ય ભવાઈ પણ જોડાયેલ છે. જે ગુજરાતનું લોકનાટ્ય છે. 'ભવાઈ કલાનો અભ્યાસ' એમ કહીએ ત્યારે તેના અભ્યાસમાં ક્યાં ક્યાં પસાંને સાંકળવા એ પ્રશ્ન રહે. માટે ભવાઈની અભિવ્યક્તિ કાળા શું છે, તેની પદ્ધતિ શું છે ? તેને શોધી કાઢવું એ જ ભવાઈના અભ્યાસ તરફ લઈ જય છે. આ અભ્યાસ ભવાઈનાં ઘટકત્તવો અને અભિવ્યક્તિ્રીતિનાં સતત્ય સુધી લઈ જાય છે. એ માટે લોકનાટ્ય ભવાઈ અને તેનાં સ્વરૂપ, લક્ષણો, ભક્તિ, રસ, આહાર્ય, નટ, નર્તન, સંગીત એમ ભિન્ન ભિન્ન પાસાંઓનો અભ્યાસ જરૂરી છે.

આમ તો આ લોકનાટ્ય ભવાઈ ઘણુ જૂનું છે. છતાં ગુજરાતે સિધ્ધપુરને ભવાઈનું ઘર ગણ્યું છે અને અસાઈત ઠાકરને ભવાઈના પિતા કહે છે. તેના કલાકારો વર્ષમાં છ થી સાત માસ ભવાઈ રમે છે. ગામનો આગેવાન પટેલ કે મુખી નાયકને તિથિ વાર નક્કી કરવા બોલાવે છે. નક્કી થયા પ્રમાણે મંડળ તે ગામે જાય છે. ચોરી પર ઉતારો કરે છે. ગોદડા ઓશીકા સગવડ થાય છે. તેમજ યજમાનો દ્વારા કલાકારોને જમવાની વ્યવસ્થા ગામના આગેવાનો તરફથી થાય છે. ભવાઈ રમવાના હોય તેના પ્રથમ દિવસે સાંજે ગાતા-વગાડતા કલાકારો ચોરેથી ચોક કે મંદિરમાં જાય છે. આગેવાનો સાથે કયા વેશો તેમને જોવા છે તે નક્કી કરે છે. આ સમયે ભવાઈની ઉત્પત્તિ વિશે પણ વાત થાય છે.

ચોક કે મંદિર આગળ, જ્યાં ભવાઈ રમવાની હોય ત્યાં ચાર થાંભલા બાંધી માંડવી કરવામાં આવે છે. વચ્ચેની ગોળ જગ્યામાં ભવાઈ કરવામાં આવે છે. માંડવીમાં આજે તો દીવા પણ ગોઠવાય છે. કલાકારોને તૈયાર થવા માટે જે ઉતારો હોય છે ત્યાંથી માંડવીમાં જવા માટે રસ્તો રાખવામાં આવે છે. જોકે હાલની આ વ્યવસ્થામાં થોડો ફેરફાર થયેલો જોવા મળે છે. કારણકે અદ્યતન ટેકનોલોજીને કારણે પ્રકાશની અવનવી વ્યવસ્થાઓ ઊભી થઈ છે. જેનો લાભ આ ભવાઈ કલાને પણ મળ્યો છે. કલાકારો તૈયાર થવાના સ્થળે માતાની મૂર્તિ અથવા ફોટો ગોઠવી તેલનો દીવો કરે છે. ગીતો ગાય છે, વાદ્યકારો વાદ્યો વગાડે છે અને મુઝારો કરે છે. પડમાં ચારે દિશામાં ભૂંગળ વગાડવામાં આવે છે ગરબા ગવાય છે. ત્યાર પછી ગણેશ આવે, કાળી આવે એ પછી બ્રાહ્મણ, ડાગલો અને તેની જોરું વગેરે આવે છે. ત્યાર પછી રાસ રમવામાં આવે છે. આમ એક રાતમાં બે થી ત્રણ વેશ થાય છે. આખો મહોત્સવ ત્રણથી નવ દિવસનો હોય છે. છેલ્લે રામદેવનો વેશ હોય છે. અહીં ટિકિટ હોતી નથી પણ ગામનો યુવાન ખરડો કરે છે. પ્રેક્ષકો પૈસા આપે છે. કેટલીક મંડળીઓ ગીતો ગાયને કે કટ દ્વારા પણ પૈસા એકઠા કરે છે. આમ કલાકારો આવક કરે છે પણ નિયત રકમ વેશ ભજવવા નક્કી થયેલી હોતી નથી.

ભવાઈના વેશની વાર્તાઓના મૂળ પુરાણમાં અથવા સાંપ્રત સમાજની સળગતી સમસ્યાઓમાં કે ઇતિહાસ અથવા જન શ્રુતિમાં હોય છે. એના સંવાદો રોજબરોજની ભાષામાં હોય છે. તેમ છતાં મર્મ સ્પર્શી સંવાદો હોય છે. સંવાદોની ભાષા સરળ અને ચોટદાર હોય છે. તેમ તેમાં આવતા દુહા અને સોરઠા કશોક સંદેશ આપે છે. એમાં આવતાં ગીતો ઉર્મિસભર, મર્મળા અને ગેય હોય છે. તેમજ શબ્દો અર્થસભર હોય છે. વળી કેટલાક સંવાદો પણ ગેય હોય છે.

નૃત્ય સૌથી અગત્યનું અંગ છે. ભવાઈના પાત્રો આગળ વધવા નૃત્યનો સહારો લે છે. દરેક પાત્રની આવણી ભિન્ન ભિન્ન હોય છે. જેમ કે ગણપતિ સીધી ચાલમાં થનથન નાચતો આવે છે. જ્યારે ડાગલો પગના અંગૂઠા પર કે પગના ફણા પર નાચતો આવે છે. તેણે અડધો હાથ અને અડધો પગ વાળેલો હોય છે. ઝંડા-ઝુલણના વેશમાં આવતો ઝંડો કુદકો મારતો, ફૂદડી ફરતો આવે છે. તેમજ ઝંડા-ઝુલણનો વાણિયો દોડની આટીના પગલે અડધા શરીરેથી પાછળ ઢડતો આવે છે.

નટોનું મંડળ રંગભૂષા ઈત્યાદી માટે અરીસો,ઓરસિયો, વાડકી, બોદાર, ગુલાલ, કંકુ, શંખજીરૂ, મેશ અને ગળી, તેલ વગેરે સાથે રાખે છે. આ ઉપરાંત મૂછ, દાઢી, જટા, વીગ, કપડાના દડા વગેરેનો પણ ઉપયોગ કરે છે. જરૂરિયાત પ્રમાણે સ્ત્રી વેશ કરનાર પાત્ર માથા પર દામણી, ટીકો, શેર, પીન, ફૂલો વગેરે ધારણ કરે છે. નાકે નથણી, કાને રીંગ, મોતી, બુટ્ટી ઇત્યાદી તે પહેરે છે. કડા, ઝાંઝરી, કડલી-કડલા પહેરે છે. કાને કુંડળ મોટી મોર અને બીજા ઘરેણાં પહેરે છે. આમ સ્ત્રીનું સઘળું રૂપ સ્ત્રી વેશ રમનાર પાત્ર ધારણ કરે છે. સ્ત્રીના શણગારમાં આવતી પ્રત્યેક વસ્તુઓ સ્ત્રીનો વેશધારણ કરનાર કાંચળીઓ ધારણ કરે છે. ભવાઈમાં નાયકની વાત કરીએ તો નાયક એ શક્તિનું પ્રતીક છે. તેઓ માતા આગળ પ્રતિજ્ઞા લે છે કે બ્રહ્મચર્ય પાડીશું. તેમજ કલાકારો માને છે કે ભવાઈમાં શક્તિનું વેદાંત પડેલું છે.

ભવાઈ ભજવનાર કલાકારોની મંડળીને 'ટોળું' કહેવાય છે. એક માણસ અથવા નાયક 15-20 માણસનું ટોળુંમાં બંધ હોય છે. જેમાં મુખ્ય પુરુષની ભૂમિકા ભજવનાર ત્રણ હોય છે. જેમ કે મુખ્ય નાયક, ઉપનાયક, પ્રતિનાયક હોય છે. એ જ રીતે મુખ્ય સ્ત્રીની ભૂમિકા ભજવનાર કાછડીયા હોય છે. એટલે કે સ્ત્રીની ભૂમિકા ભજવનાર પુરુષ પાત્રને કાછડીયો કહેવાય છે. પુરુષની ભૂમિકા ભજવનારને મૂછબંધા કહેવામાં આવે છે. આ સિવાય ટોળકીમાં રસોઈયો, તબલચી, બે ઝાંઝરીયા એમ મળી ભવાઈ રમનારનું ટોળું મળે છે. નાયકનો છોકરો શરૂઆતમાં ટાપુ તૈયું કરે તેને કામગરો અથવા કોટવાળ કહેવામાં આવે છે. આ છોકરો બહારથી વસ્તુ લાવવા લઈ જવાનું કામ કરે છે. આ છોકરો પોતાની આપ હોશિયારીથી વાદ્યો વગાડતા શીખે અને પગલા પાડતો થાય એટલે એને 'મિયા બીબી' ના વેશમાં બીબીનો વેશ એટલે કે ચટકીનો વેશ મળે છે. જેના પર તેની કારકિર્દીનો આધાર રહેલો છે. આ એવો વેશ છે, કે જેમાં કુશળ નટને માટે પોતાના ઘણા લક્ષણો એકી સાથે ઉદ્ઘાટિત કરી આપવાની તક પડી હોય છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ વિચારતા ભવાઈ ને પોતાનું આગવું રૂપ સાપડ્યું તે પહેલા ઘણા સમયથી આખ્યાન કરો સંગીતકારો હસાવનારા યોગ્ય બોલનારા કવિ નટ વગેરે આપણે ત્યાં હતા જ. જે ગુજરાતના સુવર્ણ યુગમાં જોઈ શકાય છે અને આ બધાના તત્વોના પ્રદાનથી જ ભવાઈ આગવા સ્વરૂપ તરીકે બહાર આવી અને પછી તેનો વિકાસ થયો. ઉદાહરણ તરીકે જોઈએ તો ભવાઈ ભજવનારાઓ ઉપર બજાણીયાઓએ ઘેરી અસર કરી છે. એવું ગામેગામ ફરતા અને બેડા તેમજ વેલણ પર થાળી ફેરવતા વગેરે વગેરે ખેલ કરતા. આ બધાની અસર અત્યારે ભવાઈમાં પણ જોવા મળે છે. પરંતુ બજાણીયાઓ ગામની બહાર ઉતરે છે અને આ સઘળા ખેલ માત્ર ધંધા માટે કરે છે. જ્યારે ભવાઈમાં ધર્મ, બાધા, માનતા વગેરે તત્વો રહેલા છે..

ભવાઈ કલાકારો પોતાના વેશમાં મૂળ ટ્રેડિશન પરંપરાની જાળવણી કરી જ રહ્યા છે, સાચવતા રહ્યા છે. જેમ કે રાજાના દરબારમાં ડાયરો હોય તો અફીણ ખુટવાની ક્રિયા મૂળ પરંપરા પ્રમાણે બતાવવામાં આવે છે. એમ ભવાઈના અન્ય વેશો પોરસાવાળાનો, વિકાનો કે રામદેવનો હોય તો એમાં અફીણ ઘૂંટવાનું દ્રશ્ય મૂળ પરંપરા પ્રમાણે જોવા મળે છે. વળી ક્યાંક ગુજરાતી ચલચિત્રની અસર પણ જોવા મળે છે. પરંતુ એ માત્ર ગુજરાતી ગીતો પૂર્તિ જ. આ ગીતો ભલે ભવાઈ એ લીધા હોય, છતાં તેની રજૂઆત ભવાઈ પદ્ધતિએ જ થતી સાંભળીએ છીએ. વળી સંવાદો વગેરે નટો ફાવે એમ રચતા રહે, બદલાતા રહે, કશું એમાં ઉમેરતા રહે. તેમજ ક્યારેક પ્રેક્ષકો સાથે જોડી તાદાત્મ્ય અનુભવે. તો વળી ક્યારેક ગીતો દુહાઓ આવતા જાય જોડાતા જાય તેમજ બીજી ગમે તેટલી વાતો તેઓ કરે. પરંતુ આ સઘળું મૂળ પરંપરા પ્રમાણે જ થતું રહે છે.

ભવાઈમાં સમગ્ર રમતનો આધાર નટના અભિનય પર જ હોય છે. કારણ કે એમાં સેટ કરેલા સાધનો હોતા નથી. ભવાઈ ખુલ્લા ચાચરમાં થતી હોવાથી અધ્યતન થિયેટર જેવી સુવિધા હોતી નથી. આમ સ્ટેજ ક્રાફ્ટનો ઉપયોગ ભવાઈમાં રહેતો નથી તેથી ભવાઈની સફળતાનો આધાર નટના ભાવ અને અભિનય પર જ રહેલો છે. જેના વડે પ્રેક્ષકોની કલ્પનાને જગાડી શકાય છે. સાચી રીતે તો આખા સ્વરૂપને 'ઇમ્પ્રોવાઈઝેશન ફોર્મ'માં શિઘ્રનાટ્ય સ્વરૂપે રજૂ કરી શકાય. ભવાઈને નક્કી ઢાંચામાં પકડવા જતા તે નુકસાન પામે છે. ઢાંચો, નિયમો માત્ર માર્ગદર્શન તેમ સ્વરૂપને સુંદર રાખવા પૂરતા જ હોય એ ભવાઈમાં જરૂરી છે. ટીના સ્વરૂપમાં ઘણી છૂટછાટ તેમજ મુક્તિને અવકાશ હોવો જોઈએ. આખું સ્વરૂપ ઇમ્પ્રોવાઈઝેશન પદ્ધતિનો જ હોવું જોઈએ. એ ભવાઈની સાચી ઓળખ છે.